## //પરિપત્ર//

વિષયઃ– નિગમની ફાળવેલ ઔદ્યોગિક પ્લોટ,શેડ,રહેણાંક/વાણીજય પ્લોટ, તથા અન્ય મિલ્કતોની તબદીલી અંગેની નીતિ.

સંદર્ભઃ– પરિપત્ર ક્રમાંકઃ

૧) જીઆઈડીસી/ઓ એન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલ/૩૨૬/૯૩ તા.૨૯/૫/૯૩

૨)ઓ એન્ડએમ/ સીઆઈઆર/ એએલટી/પીઓએલ//૩૧/૪૧૨/૯૪,તા.૧૮/૦૧/૯૪

૩) ઓ એન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧/૬/૩૧/૫૯૧/૯૫ તા.૧૭/૦૬/૯૫

૪) પરિપત્ર ક્રમાંકઃ સીઆઈઆર/વિત/પીઓએલ/૧(૪)૩૧–૬૬૪/૯૬તા.૩૦/૮/૯૬

૫) ક્રમાંકઃ ઓ એન્ડએમ/સીઆઈઆર/એઅલટી/પીઓએલ/૧(૬)–૩૧–૬૬૫–૯૬ તા.૧૦/૦૯/૯૬

૬) ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૩૧-૭૨૮/૯૭ તા.૨૮/૧૦/૧૯૯૭

૭) ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ-પોલીસી/૭/૩૨/૯૯ તા.૨૯/૦૫/૧૯૯૯

૮) જીઆઈડીસી-જ. મે- રસુ-પીઓએલ-૩૪ તા.૦૨/૧૨/૨003

૯) જીઆઈડીસી/વિત/તબદ/પોલીસી/૩૧/૦૬/૧૮ તા.૮/૧૧/૨૦૦૬

૧૦) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૫૯/30, તા.૧૮/૦૮/૨૦૦૭

૧૧) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસા/૧(૮)/૯, તા.૧૯/૦૨/૨૦૦૯

૧૨) જીઆઈડીસી/ ઓ એન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૮૫/૩ તા.૧/૧/૧૧

૧૩) જીઆઈડીસી/ ઓ એન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/(૧૦)/૧૯ તા.૨૯/૩/૧૧

૧૪) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧ (૧૦)/૩૫, તા.૨૬/૦૯/૨૦૧૨

૧૫) જીઆઈડીસી/ ઓ એન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૩૫ તા.૨૬/૯/૧૨

૧૬) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસા/૧૩/૦૫ તા.૧૪/0૩/૨૦૧૩

૧૭) જીઆઈડીસી/ ઓ એન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૬, તા.૧૩/૧૧/૨૦૧૩

૧૮) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪/૦૮ તા.૨૦/૫/૧૪

૧૯) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોલીસી/૨૪/૦૨ તા.૪/૫/૨૦૧૫

૨૦) GIDC/ALT/POL/CIR/04/DTD.06/5/2015

૨૧) જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/વિતરણ/પોલીસી/ ૧૦ તા.૦૬/૦૫/૨૦૧૫

૨૨) જીઆઈડીસી/એસટીપી/સીઆઈઆર–૨૮ તા.૧૫/૭/૧૫

૨૩) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૩૫,તા.૩૦/૦૭/૧૫

૨૪) જીઆઈડીસી/ઓ એન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૦ તા.૧૬/૨/૧૬

૨૫) જીઆઇડીસી /પોસ્ટ –એલોટ./પીઓએલ/સીઆઇઆર/૬૨ તા.૨૦/૧૨/૨૦૧૬

૨૬) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૬૯, તા.૧૮/૦૨/૨૦૧૭

૨૭) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૭૦ તા.૧૮/૨/૧૭

૨૮) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા.૬/૭/૧૭

૨૯) જીઆઈડીસી/કા.નિ/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૯૨, તા.૭/૭/૧૭

૩૦) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૧૧૯ , તા.૧૧/૧૦/૨૦૧૭

૩૧) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૨૩, તા.૨૮/૧૧/૧૭

૩૨) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૨૪ ,તા.૧૨/૧૨/૨૦૧૭

૩૩) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૦૨, તા. ૦૩/૦૧/૨૦૧૮

૩૪) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૫,તા.૧૮/૫/૧૮

૩૫) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૭, તા.૨૯/૦૫/૨૦૧૮

૩૬) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૩૫ , તા.૨૭/૧૨/૧૮

૩૭) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૧૫, તા.૧૧/૦૬/૨૦૧૯

૩૮) જીઆઈડીસી/ **એએલટી**/પોસ્ટ વિતરણ/પોલીસી/૦૩૦, તા.૦૮/૧૦/૨૦૨૦

નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ/શેડ/રહેણાંક પ્લોટ/વા.પ્લોટ/ મિલ્કતો વગેરે અંગે તબદીલીની નીતિ અમલમાં છે.

## રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF) ના કિસ્સામાં તબદીલી

નિગમના પરિપત્ર ક્રમાંકઃ ઓ એન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૩૧/૩૨૮/૯૭ તા.૨૮/૧૦/૯૭ થી જારી થયેલ પરિપત્ર મુજબ નિગમને ફાળવણીદાર પાસેથી પેઢીના બંધારણમાં ફેરફારની દરખાસ્ત મળે છે ત્યારે તેઓએ કરેલા આ બંધારણના ફેરફારને નિયમિત કરવા માટે નિગમમાં નિયત કરેલ તબદીલીની અરજી પત્રકમાં અરજી કરે છે અને ત્યારે તેમાં દરેક ભાગીદારોની સહી લેવામાં આવે છે. પરંતુ આ દરખાસ્ત બાબતે જયારે ફારગતિ લેખ નિગમને રજુ કરવામાં આવે છે તે ફારગતિલેખ જો રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ ધ્વારા નોંધણી કરવામાં આવેલ હોય અને આવા નોંધણી કરેલ ફારગતિ લેખની પ્રમાણિત નકલ રજુ કરે તો તેવા કિસ્સાઓમાં તબદીલીની અરજી વખતે તબદીલી અરજી પત્રકમાં છુટા થતા ભાગીદારોની સહી હોવી જરૂરી રહેતી નથી. તેથી તબદીલીની અરજી સાથે પેઢીના બંધારણમાં ફેરફારની દરખાસ્ત ફાળવણીદાર તરફથી મળે ત્યારે આવા ફેરફારને રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ ધ્વારા નોંધણી કરીને તેની પ્રમાણિત નકલ નિગમને રજુ કરે તો આવા છુટા થતા ભાગીદારોની સહીનો આગ્રહ રાખ્યા વગર પણ અરજીનો સ્વીકાર કરી નીતિ નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવા તેવી નીતિ અમલી છે.

## રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC) ના તબદીલીના કિસ્સામાં કાર્યવાહી કરવા બાબતે.

**રજીસ્ટ્રાર ઓફ ફર્મ (ROF)ની જેમ રજીસ્ટ્રાર ઓફ કંપની (ROC)માન્ય રાખી તબદીલી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.**

- ✓ **જેમાં કંપનીના તબદીલીના કિસ્સામાં નિગમને તબદીલીની અરજી મળે છે ત્યારે કેટલાક કિસ્સામાં જુના ડાયરેક્ટરો હાજર નહોય કે બદલાયેલ હોય , તબદીલી અંગેની કાર્યવાહી થઈ શકતી નથી. જેથી આ પ્રકારના તબદીલીના કિસ્સામાં પણ રજીસ્ટ્રાર ઓફ ફર્મની જેમ રજીસ્ટાર ઓફ કંપની દ્વારા કંપનીના ડાયરેક્ટરોમાં થયેલ ફેરફાર બાબતે કરવામાં આવેલ નોંધણીની પ્રમાણિત નકલ તેમજ કંપનીના અદ્યતન બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા મિલકત તબદીલી કરવા કરેલ ઠરાવની નકલ નિગમને રજૂ કરવાની રહેશે.**
- ✓ **છૂટા થયેલ / જૂના ડયરેક્ટર્સની સહિનો આગ્રહ રાખવાનો રહેશે નહિ. અને તબદીલી અંગેના નિગમના નિતી નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહે છે.**

તબદીલી બે પ્રકારની અસ્તિત્વમાં છે.**(૧) ઔપચારિક અને (૨) અનૌપચારિક**

<u>અસલ ફાળવણીદારની વ્યાખ્યા :</u>

**અસલ ફાળવણીદારનો શેર ફાળો એટલેકે, ફાળવણીદાર તથા તેના કુટુંબના સભ્યોસાથે મળીને થતો શેર ફાળો. (પરિપત્ર તા. ૧૦/૦૯/૧૯૯૬)**

## (૧) ઔપચારિક તબદીલી:

(અ) ઔપચારિક તબદીલી એટલે મૂળ ફાળવણીદારોનો હિસ્સો ૫૧ % કે તેથી વધારે **તથા પબ્લિક લિમિટેડ કંપનીના કિસ્સામાં ૨૬% કે તેથી વધારે** રહેતો હોય તો તેવા કિસ્સાની તબદીલીને ઔપચારિક પ્રકારની તબદીલી ગણી તબદીલી ફી વસુલ લેવાપાત્ર થતી નથી.

(બ) લોહીના સબંધ ધરાવતા કુંટુંબના સભ્યો વચ્ચે અંદરો–અંદર થતી તબદીલી કે જેમાં તબદીલી ફી વસુલ લેવાપાત્ર થતી નથી.કુંટુંબના સભ્યોની વ્યાખ્યા નીચે મુજબ છે.

(ક) દાદાથી પ્રપૌત્ર તથા અવિવાહિત પ્રપૌત્રી તથા તેનાથી ઉલટું
(ખ) પિતાથી પુત્ર કે અવિવાહીત પુત્રી કે તેનાથી ઉલટું
(ગ) સેકશન એકટ હેઠળ કાયદેસરના કોઈપણ વારસદારોની તરફેણમાં થતી તબદીલીઓ
(ઘ) પતિ ધ્વારા પત્નીની તરફેણમાં કે તેથી ઉલટું
(ચ) સગાભાઈ સગાભાઈની તરફેણમાં
(છ) સગાભાઈ ધ્વારા સગાભાઈની પત્ની એટલે કે ભાભીની તરફેણમાં અને તેથી ઉલટું.
(જ) માતા ધ્વારા પુત્ર કે વિવાહિત પુત્રીની તરફેણમાં કે તેનાથી ઉલટું.
(ઝ) મૂળ ફાળવણીદારના અવિભકત કુંટુંબ ધ્વારા તેના પુત્ર કે અવિવાહીત પુત્રીની તરફેણમાં
(ટ) અવિવાહીત બહેન,અવિવાહીત પ્રપૌત્રી,પુત્રવધુને પ્રપૌત્ર, પ્રપ્રૌત્ર વધુની તરફેણમાં થતી તબદીલી કે તેનાથી ઉલટું.

ઉપરોકત વિવિધ પ્રકારની તબદીલીના કિસ્સાઓમાં કુટુંબના અવિવાહીત સ્ત્રી સભ્યને કુટુંબની વ્યાખ્યામાં સમાવવામાં આવ્યા છે. વધુમાં સકસેશન એકટ હેઠળ કાયદેસરનો કોઈપણ વારસદારોની તરફેણમાં થતી તબદીલીને કૌટુંબીક તબદીલી ગણી છે. ધ હિન્દુ સકસેશન એકટ, ૧૯૫૬ માં સને–૨૦૦૫ માં થયેલ સુધારા અનુસાર કુટુંબની મિલકતમાં પુત્ર કે પ્રપૌત્ર જેવા જ હકક માટે પુત્રી કે પ્રપૌત્રીને હકદાર જણાવ્યા છે તેમાં વિવાહીત કે અવિવાહીત પુત્રી કે પ્રપૌત્રી જેવા ભેદ ગણાવ્યા નથી. આ સંજોગોમાં કુટુંબના તબદીલી ફી વસુલ મેળવવાની રહેશે નહિ.

.................................................................................................................................

**નિગમની ગાંધીનગર વિજાણું બીન પ્રદુષિત ( નોન પોલ્યુટીગ ઈન્ડસ્ટ્રીઝ ) પ્રકારના ઉધોગને સ્થાપવા અંગેની મંજુરી આપવા બાબત.**

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓ એન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૬ તા.૧૩–૧૧–૨૦૧૩ થી નીતી અમલી છે.

ગાંધીનગર ખાતે વિજાણુ વસાહતમાં ઈલેકટ્રીક ઉધોગો સિવાય બીનપ્રદુષણ પ્રકારના ઉધોગોના હેતુફેર માટે નિગમના પ્રવર્તમાન ફાળવણીદરના ૫ % લેખે ફી વસુલ કરી મંજુરી આપવા અંગેની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક છે.

.................................................................................................................................

**ઔપચારિક તબદીલીના કિસ્સામાં ૨૦ % ગ્રાઉન્ડ કવરેજના બાંધકામનો આગ્રહ નહી રાખવા બાબત.**

**(અ)** નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓ એન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/ તા.૨૬–૯–૨૦૧૨ થી નિગમની તા.૧–૯–૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૭ મી સભામાં ઉપરોકત વિષય બાબતે કાર્યસૂચિ રજુ કરવામાં આવી. જેમાં નિગમની સભા ધ્વારા સર્વાનુમતે ઠરાવ ક્રમકંકઃ ૧૨૮/વિતરણ/ ૪૬૭/૨૦૧૨ થી મંજુર કર્યા મુજબ ઔપચારિક તબદીલીના કિસ્સાઓમાં ફાળવવામાં આવેલ પ્લોટ/શેડ ફાળવણીદાર ધ્વારા બેંક લોનના કારણોસર **અથવા વહિવટી કારણોસર** ૧૦૦ % સબસીડરી કંપનીના નામે તબદીલ કરવા ઈચ્છતા હોય તો તે અંગેની રજુઆતને ઔપચારિક તબદીલીનો કિસ્સો ગણીને પ્લોટના વપરાશને અનુલક્ષીને અથવા ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામની શરત વગર ઔપચારિક તબદીલી તરીકે મંજુર કરવાની રહેશે.

**(બ)** ૨૦% ગ્રાઉન્ડ કવરેજના બાંધકામમાંથી મુકિત આપવામાં આવેલ છે તેવા એકમોની યાદીઃ

નિગમના પરીપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/જ.મે./ વિત/પીઓએલ/ ૧(૧૦) (૧૯) તા.૨૯/૦૩/૨૦૧૧ ની જોગવાઈ મુજબ જે ઉધોગમાં ૨૦ % ગ્રાઉન્ડ કવરેજ બાંધકામની જરૂરીયાત જણાતી નથી તેવા ઉધોગોને ૨૦% ગ્રાઉન્ડ કવરેજ (ભોંય તળીયે) ના બાંધકામ અંગે મુકિત આપી પ્લોટને ઉપયોગી ગણવા અંગેની પ્રવર્તમાન નીતિ અમલમાં છે. મુકિત આપવાપાત્ર ઉધોગોની યાદી નીચે મુજબ છે.

(૧) ગ્રાઉન્ડન્ટ ઓઈલ
(૨) કપાસ
(૩) માછલી સૂકવવા
(૪) બીયારણ જેવા માલની સૂકવણી

(૫) માર્બલ એન્ડસ્ટોન કટીગ
(૬) સો મીલ
(૭) સીમેન્ટ આર્ટીકલ
(૮) રોલીગ મીલ્સ
(૯) પાઈપ મેન્યુફેકચરીગ
(૧૦) બાયોટેકનોલોજી (ટીસ્યુ કલ્ચર)
જેવા માલ સ્ટોક કરવા પડતા ઉદ્યોગો

નિગમના પરિપત્ર પોસ્ટ–એલોટ/ પીઓએલ/ સીઆઈઆર/૩૬૨ તા. ૨૦/૧૨/૨૦૧૬થી બાયોટેકનોલોજી ( ટીસ્યુ કલ્ચર) ઈન્ડસ્ટ્રીઝને ૨૦ ટકા ગ્રાઉન્ડ કવરેજના બાંધકામમાંથી મુકિત આપવામાં આવેલ છે.

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/એએલટી/પીઓએલ/ સીઆઈઆર/ ૦૪/તા.૦૬–૫–૨૦૧૫ ની જોગવાઈ મુજબ એવા ઘણાં એકમો કે જેને ઘણાં ઓછા વિસ્તારમાં બાંધકામની અને વધારે ખુલ્લા વિસ્તારની જરૂરીયાત હોય તેવા એકમોને હાલમાં ૨૦ % ગ્રાઉન્ડ કવરેજની યાદીમાં એકમના ઉત્પાદનનો સમાવેશ કરવામાં આવેલ નથી. નિગમે આવા પ્રકારના ઉત્પાદનના એકમોને યાદીમાં સમાવવા માટે એક કમીટીની રચના કરવામાં આવેલ છે. આ કમીટીમાં મુખ્ય ઈજનેર, બે વિભાગીય પ્રબંધક/ જનરલ મેનેજર અને બે અધિક્ષક ઈજનેર ( માન. ઉપા. અને વ.સં.શ્રી ધ્વારા નિમણુંક કરે તે.) આ કમીટી ૩ માસમાં આવા એકમોની યાદીમાં સમાવેશ કરવા ભલામણસહ અહેવાલ કરે અને આ અહેવાલ નિગમની સભામાં મંજુરી અર્થે સાદર કરવો અને સભાની મંજુરી મળે આવા એકમોનો ઉપરોકત યાદીમાં સમાવેશ કરવા અંગેની નીતિ છે.

**(ક)** જો ફાળવણીદારે બિલ્ડીગ પ્લાન તારીખઃ૩૧/૫/૨૦૦૮ પહેલા મંજુર કરાવવામાં આવેલ હોય અને તે મુજબ મિલકતનો ઉપયોગ કરવામાં આવેલ હોય પરંતુ જો ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ ૨૦% કરતા ઓછુ હોય તો તેવી મિલ્કતને પ્રવર્તમાન નીતિ મુજબની ફી ઉપરાંત વિતરણ દરના ૧૦ % લેખે વધારાના ચાર્જની રકમ વસુલ કરી તબદીલી, પેટા વિભાજન, એકત્રીકરણ વિગેરે માટે ઉપયોગી મિલ્કત ગણવા અંગેની નીતિ અમલી છે.

આવા પ્રકારની દરખાસ્તો ધ્વારા મિલ્કત, એકત્રીકરણ, પેટા વિભાજન વિગેરેની મંજુરી થયા બાદ નવા ફાળવણીદારે નિગમની સામાન્ય નીતિ મુજબ જરૂરી બાંધકામ કરી ઉપયોગ કરવાનો રહેશે. તેમ કરવામાં ફાળવણીદાર નિષ્ફળ જાય તો મિલ્કત વણવપરાશી ગણી ફરીથી તબદીલી, એકત્રીકરણ, પેટા વિભાજની વિગેરેની મંજુરી ગ્રાહય રાખવામાં આવશે નહિં.

.........................................................................................................

**ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ " ના વાંધા પ્રમાણપત્ર " બાબતઃ (પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ /સીઆઈઆર /વિતરણ/પોલીસી/૫૯/૩૦ તારીખઃ ૧૮/૦૮/૨૦૦૭)**

નિગમની વસાહતોમાં જયારે પ્લોટ/શેડની તબદીલીની અરજી મળે ત્યારે તબદીલીથી પ્રાપ્ત કરનાર એકમનો ઉધોગ કેમીકલનો હોય અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું " ના વાંધા પ્રમાણપત્ર " મેળવવું જરૂરી હોય તેવા કિસ્સાઓમાં ક્ષેત્રિય ધ્વારા દિન–૩૦ માં " ના વાંધા પ્રમાણપત્ર " રજુ કરવા અંગેની શરત તબદીલીથી હુકમમાં આમેજ કરી શરતી તબદીલી હુકમ જારી કરવામાં આવે છે. તબદીલીથી પ્રાપ્ત કરનાર આ સમય–મર્યાદા અન્ય શરતો પરિપૂર્ણ કરવા છતા ઉકત પ્રમાણપત્ર મેળવી રજુ કરી શકાતું નથી અને તેના કારણે આખરી તબદીલીનો હુકમ જારી કરી શકાતો નથી. આથી આવા કિસ્સાઓમાં શરતી હુકમમાં એક સ્પષ્ટ શરત મુકવામાં આવે કે, તબદીલીથી મેળવનારે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ **" ના વાંધા પ્રમાણપત્ર "**મેળવ્યા બાદ જ ઉત્પાદનની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે અને તે સિવાય ઉત્પાદન શરુ કઈ શકશે નહી.જી.પી.સી.બી. તરફથી " ના વાંધા પ્રમાણપત્ર " મેળવવામાં કોઈ વિલંબ થશે તો નિગમની કોઈ જવાબદારી રહેશે નહી. તબદીલીથી પ્રાપ્ત કરનાર પાસેથી રૂા. ૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરીખત લેવાનું રહેશે કે તેઓ ઉત્પાદનમાં આવતા પહેલાં ગુ.પો.કન્ટ્રોલ બોર્ડ ગુ .પો.કન્ટ્રોલ બોર્ડ નું " ના વાંધા પ્રમાણપત્ર " રજુ કરશે.

.........................................................................................................

**ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં પ્લોટનો કબજો સોંપવા/ તબદીલી અંગે કરવાની થતી કાર્યવાહી બાબતઃ**

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/કા.નિ./ઓ એન્ડ એમ/સીઆઈઆર/પોલીસી/૯૨ તા.૦૭–૦૭–૨૦૧૭ થી નિગમ ધ્વારા ફાળવણી કરવામાં આવેલ મિલ્કતમાં જયારે મૂળ ફાળવણીદારનું મૃત્યુના કિસ્સામાં પ્લોટ/મિલ્કતની તબદીલી કરવા / કબજો સોંપવા અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

નિગમ દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ/મિલ્કતમાં જ્યારે ફાળવણીદારનું મૃત્યુ થાય ત્યારે તેના સીધી લીટીના વારસદારો/વીલ આધારીત પ્લોટ/મિલકતની તબદીલી અથવા તો પ્લોટ/મિલકતનો કબજો સોંપવા માટે પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/કા.નિ/ઓએન્ડએમ/સીઆઈઆર/પોલીસી/૨૯ તા.૨૪-૮-૨૦૧૨ થી પરિપત્રિત સુચનાઓ જારી કરવામાં આવેલ છે. તા.૨૪-૮-૨૦૧૨ થી પરિપત્રિત થયેલ નીતિ વિષયક જોગવાઈઓમાં પડતી મુશ્કેલી અન્વયે નવી સર્વગ્રાહી નીતિ તા. ૨૦/૦૬/૨૦૧૭ ના રોજ મળેલ નિગમની ૪૯૬ મી સભામાં નવી સર્વગ્રાહી નીતિ મંજુર કરવામાં આવેલ છે જે પ્રમાણે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(અ) <u>મૃત્યુ પામેલ મૂળ ફાળવણીદારે ફાળવેલ મિલકતનો કબજો સંભાળેલ હોય : મૂળ કાળવણીદારના વારસદાર ઉપલબ્ધ</u> હોય

(૧) પેઢીનામુ ઉપલબ્ધ હોય તેવા કિસ્સામાં મરણનું અસલ કે નોટરાઈઝ કરેલ પ્રમાણપત્ર, પેઢીનામુ તથા કુલ વારસદારો પૈકી કોઇ એક અથવા એકથી વધુ વારસદારોની તરફેણમાં થતી તબદીલી માટે અન્ય વારસદારોનું સંયુકત કે વ્યકિતગત સ્ટેમ્પ પેપર ઉપર કાર્યવિન્ત કરી, “ ના વાંધા ” અંગેનું નોટરાઈઝડ સોગંદનામુ મેળવવાનું રહેશે.

(૨) જે કિસ્સામાં પેઢીનામુ ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં પેઢીનામાને સ્થાને અરજદારે (transferor) એક એકીડેવીટ કરવાનું રહેશે કે સોગંદનામામાં જણાવ્યા સિવાયના મૂળ ફાળવણીદારના અન્ય કોઈ કાયદાકીય વારસદારો છે નહી.

(૩) જે કિસ્સામાં મૂળ ફાળવણીદારે વીલ (will) કરેલ હોય તેવા કિસ્સામાં વીલની અસલ કે નોટરાઈઝ કરેલ નકલ રજુ કરવાની રહેશે.

(૪) કુલ વારસદારોના દર્શાવતું સોગંદનામું અથવા તો વીલના આધારે નિગમ જ્યારે તબદીલી ગ્રાહય રાખે ત્યારે ભવિષ્યમાં ઉપસ્થિત થનાર કોઈ પણ કાયદાકીય/નાણાંકીય જવાબદારી માટે નિગમને indemnify કરવા અરજદાર (transferor અને transferee) દ્વારા ઇન્ડેમનીટી બોન્ડ આપવાનું રહેશે.

(૫) કુલ વારસદાર દર્શાવતું સોગંદનામું અથવા તો વીલ ના આધારે નિગમ જયારે કામચલાઉ તબદીલી હુકમ જારી કરે ત્યારે તેમાં એ શરત રાખવાની રહેશે કે અરજદાર (transferor) ધ્વારા કોઇ પણ માહિતી કે વિગતો છુપાવી હશે કે ખોટી રજૂ થઇ હશે તો આવી તબદીલી રદબાતલ કરવાનો કે ફોજદારી ગુનો નોંધવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે. જેની ‘’transferor’’ અને ‘’transferee’’ એ સ્વિકૃતી સાથેનું undertaking આપવાનું રહેશે.

(૬) કુલ વારસદારો દર્શાવતું સોગંદનામું અથવા વીલના આધારે થતી તબદીલીના કિસ્સાઓમાં નિગમને અરજી મળે, ત્યારે નિગમ દ્વારા વર્તમાનપત્રોમાં “વાંધાઓ” મંગાવતી જાહેર નોટીસ આપવાની રહેશે. જેમાં જાહેર નોટીસની તારીખથી ૧૦ દિવસની સમય-મર્યાદામાં “વાંધાઓ” મંગાવવાના રહેશે. “વાંધાઓ” આવ્યેથી તેનો નિયમોનુસાર નિકાલ કરીને તબદીલીનો હુકમ જારી કરવાનો રહેશે.

(૭) ઉપરોકત દરેક કિસ્સામાં જે તે મિલકતની કબજા પાવતી રજૂ કરવાની રહેશે.

(૮) મૃત્યુ પામેલ મૂળ ફાળવણીદારે ફાળવેલ મિલ્કતનો કબજો સંભાળેલ હોય અને મૂળ કાળવણીદારના વારસદાર/વસીયતદારો ઉપલબ્ધ ન હોય તે કિસ્સામાં ક્ષેત્રીય કચેરી દ્વારા વારસદારો કે વસીયતદારની ખરાઈ કરાવવા વર્તમાનપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવી અને જો કોઈ વારસદાર ઉપલબ્ધ બને તો તેની તરફેણમાં મિલકતને તબદીલ કરવી કે કબજો સોંપવા અંગેની નિયમાનુસારની ઘટિત કાર્યવાહી કરવાની રહેશે પરંતુ, જો કોઈ વારસદારો કે વસીયતદારો ઉપલબ્ધ ન હોય તો પંચનામું કરી, આવી મિલકત નો કબજો હસ્તગત કર્યા બાદ, પ્રવર્તમાન નીતિ નિયમોનુસાર વિતરણ ની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(બ) <u>રજીસ્ટાર ઓફ ફર્મસ (ROF) તથા રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC) ના કિસ્સામાં મૂળ ફાળવણીદારના મૃત્યુ પ્રશ્યાત તબદીલીના કિસ્સામાં કરવાની થતી કાર્યવાહી:</u>

પરિપત્ર ક્રમાંક:ઓએન્ડએમ/સીઆઇઆર/પોલીસી/૩૧/૯૭ તા. ૨૮/૧૦/૧૯૯૭ તથા પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડએમ/ સીઆઇઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૬૯, તા. ૧૮/૦૨/૨૦૧૭ થી થયેલ પરિપત્રિત સુચના/જોગવાઇઓનો ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં મિલ્કતનો કબજો સોંપવા/તબદીલ કરવા અંગે લાગુ પાડવાની રહેશે નહી અને ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં ઉપર જણાવ્યા પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

વધુ માં, કુલ વારસદારો દર્શાવતું સોગંદનામું અથવા વીલના આધારે થતી તબદીલીના કિસ્સામાં વર્તમાનપત્રોમાં આપવાની થતી જાહેર નોટીસ અનુસંધાને જો વાંધોઓ આવે અને તે સ્વીકાર્ય જણાય તે સંજોગોમાં પ્રોબેટ મંગાવવું ફરજીયાત રહેશે.

સદર પધ્ધતિ હવે પછી રજૂ થનાર અથવા નિર્ણય માટે પડતર તમામ કિસ્સાને લાગુ પાડવાની રહેશે. અગાઉ નિર્ણિત થયેલ કિસ્સા ખોલવાના રહેશે નહી. સદર પધ્ધતિ નિગમની તમામ પકારની મિલ્કતને લાગુ પડશે. તા. ૨૪-૮-૨૦૧૨ પી પરિપત્રિત થયેલ નીતિ આ નીતિ અમલી બન્યા તારીખથી રદબાતલ કરવામાં આવે છે.

આવા કિસ્સામાં તબદીલી ફી તથા વપરાશ બાબતે નિગમની સામાન્ય નીતિ અનુસારવાનું રહેશે.

.................................................................................................................................

**નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ મિલ્કતોને જે તે હેતુને બદલે અન્ય હેતુ એટલે કે શૈક્ષણિક, ઔધોગિક તાલીમ, સ્વ રોજગારી પ્રવૃત્તિઓ, મહિલા આર્થિક , સમાજ ઉપયોગી સામાજીક પ્રવૃત્તિઓ કરતા વેલ્ફેર ટ્રસ્ટની તરફેણમાં તબદીલ કરવા બાબતની નીતિઃ (પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી–જમે–રસુ–પીઓએલ–૩૪, તારીખઃ૦૨/૧૨/૨૦૦૩)**

નિગમની જુદી જુદી વસાહતોમાં ફાળવવામાં આવતા ઔધોગિક, રહેઠાણ, વાણિજયીક પ્લોટ/શેડ મિલ્કતોના ફાળવણીદારો ધ્વારા તેઓને ફાળવવામાં આવેલ હેતુ સિવાયના અન્ય હેતુ જેવાં કે, શૈક્ષણિક , ઔધોગિક તાલીમ, સ્વ રોજગારી પ્રવૃત્તિ, મહિલા આર્થિક વિકાસ, સમાજપયોગી પ્રવૃત્તિઓ વગેરેના હેતુ માટે તબદીલીની દરખાસ્ત મળે, તેવા કિસ્સાઓમાં નીચેનુ ધોરણ અપનાવવું.

૧) આવી સંસ્થા/ટ્રસ્ટ, નોંધાયેલ સંસ્થા / ટ્રસ્ટ હોવી જોઈએ કે જેનો હેતુ વાણીજયીક પ્રવૃત્તિ સિવાયની સમાજપયોગી સેવા કે સાર્વજનિક ઉત્પાદન અને વિકાસવાળી હોય અને જે સામાન્યતઃ ઔધોગિક/શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિ, તાંત્રિક તાલીમ, મહિલા વિકાસની પ્રવૃત્તિ, સ્વાસ્થયને લગતી પ્રવૃત્તિ, બ્લડબેંક, સ્વરોજગાર ઉપયોગી તાલીમ,સાર્વજનિક ઉત્થાન વગેરે જેવી સાર્વજનીક પ્રવૃત્તિ હોવી જોઈએ. અને વાણીજયીક ઈરાદાવાળા ઉપયોગવાળી કોઈ પ્રવૃત્તિ કરતી ન હોવી જોઈએ.

૨) આવી સંસ્થાઓની તરફેણમાં જીલ્લા ઉધોગ કેન્દ્ર અને જેતે વસાહતના માન્ય ઔધોગિક મંડળ તરફથી ભલામણ મેળવેલી હોવી જોઈએ.

૩) તબદીલ થતી મિલ્કતોની ૧૦૦ % કિંમત તથા તબદીલીના સમય સુધીની અન્ય તમામ, લેણાં રકમ ભરપાઈ કરવાની રહેશે.

૪) આવી તબદીલીની મિલ્કત વસાહતના જે ઝોનમાં હશે એટલે કે, ઔધોગિક, રહેણાંક કે વાણીજયીક ઝોનમાં પ્રવર્તમાન વિતરણ દરના ૧૦ % ના ધોરણે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

૫) જો તબદીલ થતી મિલ્કત વિલંબથી ઉપયોગમાં લેવામાં આવેલ હોય કે બીન ઉપયોગી હોય તો બીનવપરાશના દંડની રકમ નિગમની જે તે સમયની પ્રવર્તમાન નીતિ અનુસાર વસુલ કરવાની રહેશે.

૬) સાર્વજનીક હેતુવાળી સંસ્થાઓ કે ટ્રસ્ટ કે જેની તરફેણમાં તબદીલી થાય છે તે ટ્રસ્ટ ધ્વારા આવી મિલ્કતોનો ઉપયોગ સાર્વજનીક હેતુ સિવાય અન્ય હેતુ માટે કરવામાં આવતો જણાશે અથવા ઉપરથી સાર્વજનીક દેખાતી હેતુ ખરેખર ઉપયોગમાં લેવાય ત્યારે વાણીજયીક ઈરાદાવાળો સાબીત થતો હોવાનું નિગમને લાગશે તો આવી મિલ્કતોનો કબજો તાત્કાલીક પરત મેળવવાની કાર્યવાહી નિગમ ધ્વારા કરાશે.

૭) આવી તબદીલીની મંજુરી આપવાની સત્તા માન. ઉપા. અને વહી. સંચાલકશ્રી હસ્તક રહેશે.

.................................................................................................................................

**નિગમની પ્રવર્તમાન વપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિને સ્થાને નવી નીતિ તેમજ ખુલ્લા/વણવપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિ બાબતઃ (જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પોસ્ટ વિતરણ/પોલીસી/૮૯, તા. ૬/૭/૧૭)**

નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ વિવિધ મિલ્કતોની તબદીલી અન્વયે પરિપત્ર ક્રમાંકઃ GIDC/ALT/POL/20, તા.૨૨.૦૬.૨૦૧૫ અને પરિપત્ર ક્રમાંકઃ GIDC/ALT/CIR/TFR/54, તા.૨૨.૧૨.૨૦૧૫ અન્વયે મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ છે. સદર પરિપત્રો અન્વયે મિલ્કતોની તબદીલી અંગેની અરજી નિગમને મળે ત્યારે મિલ્કતનો મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન વપરાશ થયેલ છે કે કેમ? તેમજ હાલના વપરાશના પુરાવા તરીકે તબદીલી અરજીથી છેલ્લા ૨(બે) વર્ષના પુરાવાઓની ચકાસણી કરવામાં આવે છે.પરંતુ સદર તબદીલીની નીતિને વધુ સરળ

બનાવવા, મિલ્કતના વપરાશ બાબતે ઓછામાં ઓછા વપરાશના પુરવાઓ રજુ કરવાના રહે, વણવપરાશી / ખુલ્લી મિલ્કતોની તબદીલી થઈ શકે અને તબદીલી અંગેની કાર્યવાહી વધુ સરળ અને ઝડપી થઈ શકે તે બાબતે નિયામક મંડળની તા.૨૦.૦૬.૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૬ મી સભામાં, નિગમ ધ્વારા ફાળવવામા આવેલ વિવિધ મિલ્કતનો નિગમની પ્રવર્તમાન વપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિને સ્થાને નવી નીતિ તેમજ ખુલ્લા / વણવપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિના ઘડતર સારૂ નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ૧૦/પોસ્ટ વિતરણ/૪૯૬, તા.૨૦.૦૬.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંકઃ૪૩/પોસ્ટ વિતરણ/૪૯૬/૨૦૧૭ અન્વયે મિલ્કતોની તબદીલી બાબતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

(૧) મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે નીચે મુજબના પુરાવાની ચકાસણી કરવાની રહેશે.

તમામ પ્રકારની મિલ્કતો માટે વપરાશના નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહેશે. જેમાં વીજ વપરાશના તબદીલીની અરજી તારીખથી છેલ્લા ૧૦ વર્ષ સુધીના પુરાવા માંગવાના રહેશે અને વણવપરાશી સમયગાળા માટે નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. એટલે કે તે અગાઉના કોઇ પુરાવાની ચકાસણી કરવાને રહેશે નહી કે વણ-વપરાશી દંડ્ની વસૂલાત કરવાની રહેશે નહી. આ બાબત કેટેગરી ૧ અને ૨ ને લાગુ પડશે.

(૧) કાયમી વીજ જોડાણનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) અરજી તારીખથી છેલ્લા ૨(બે) વર્ષથી મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે તબદીલીની અરજી તારીખથી છેલ્લા બે વર્ષના દરેક બે કવાર્ટર પૈકી એક-એક વપરાશી લાઈટ બીલ

(3) અરજી તારીખથી છેલ્લા ૫(પાંચ) વર્ષથી મિલકત વપરાશી છે કે કેમ? તે બાબતે અનુક્રમ નંબરઃ(૨) + તબદીલીની અરજી તારીખ અગાઉના ૫ માં વર્ષનું કોઈ પણ એક વપરાશી લાઈટ બીલ.

(૪) અરજી તારીખથી છેલ્લા ૫(પાંચ) વર્ષ કે તેથી વધુ પરંતુ છેલ્લા ૧૦(દશ) વર્ષથી ઓછા સમય માટે મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે અનક્રમ નંબરઃ(૨) + (૩) + તબદીલીની અરજી તારીખ અગાઉના ૫ થી ૧૦ વર્ષ દરમ્યાનના કોઈ પણ બે વપરાશી લાઈટ બીલ.

(૫) અરજી તારીખથી છેલ્લા ૧૦(દશ) વર્ષથી મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે અનુક્રમ નંબરઃ(૨) + (૩) + (૪)+ તબદીલીની અરજી તારીખ અગાઉના ૧૦ માં વર્ષનું કોઈ પણ એક વપરાશી લાઈટ બીલ.

(૬) જો મિલ્કત મોરોટોરીયમ પીરીયડમાં હોય અને ફાળવણીદાર તબદીલી માટેની અરજી કરે ત્યારે નીચે મુજબના પુરાવા મંગાવવાના રહેશે.

- કાયમી વીજ જોડાણનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- અરજી કર્યા તારીખથી, છેલ્લા છ માસ પૈકી કોઇ પણ બે માસના વપરાશી લાઇટ બીલ રજૂ કરવાના રહેશે

(૭) પ્લોટ / શેડ ઉપર ઓછામાં ઓછુ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ. (નિગમના નીતિ નિયમ મુજબ અપવાદરૂપ કિસ્સાઓમાં બાંધકામમાં છૂટછાટ મળવાપાત્ર થશે.)

(૨) તબદીલી ફી અને વણવપરાશી દંડઃ-

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/કા.નિ.(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/ પીઓએલ/ વિતરણ/૪૫, તારીખઃ ૦૩.૧૦.૨૦૧૨ થી મિલ્કત તબદીલ કરનાર ધ્વારા કરવામાં આવેલ મિલ્કતના વપરાશને ધ્યાને લઈ જે તબદીલી ફી નકકી કરવામાં આવેલ છે તેના સ્થાને નીચે મુજબ તબદીલી ફીની વસુલાત કરવાની રહેશે તેમજ વણવપરાશી સમયગાળા માટે જે પ્રતિ વર્ષ ૩% લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે તેના સ્થાને તબદીલીના કિસ્સાઓમાં નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ પ્રતિ વર્ષ ૨% લેખે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે.

| કેટેગરી<br>તમામ પ્રકારની મિલ્કતો | ઔપચારીક/ અનઔપચારીક પ્રકારની તબદીલી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વપરાશી પ્લોટ/શેડ (નિગમના નીતિ નિયમ મુજબ. | | અગાઉ વપરાશી હોઇ, પરંતુ હાલ બંધ અથવા નિગમના નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી તેવા પ્લોટ / શેડ(*) | | ખુલ્લા પ્લોટ (ખુલ્લા / વણવપરાશી પ્લોટ / શેડના ઔપચારીક પ્રકારના મૃત્યુના વારસદારની તરફેણમાં તબદીલીના કિસ્સા સિવાય અન્ય ઔપચારીક પ્રકારના કિસ્સાઓમાં તબદીલી ફી વસુલ લેવાની રહેશે.) | | |
| | કેટેગરી-૧ | | કેટેગરી-૨ | | કેટેગરી-૩ | | |
| | તબદીલી ફી (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (અનઔપચારીક પ્રકારના કિસ્સામાં) (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (ઔપચારીક પ્રકારના કિસ્સામાં) (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૫(પાંચ) વર્ષ કરતા ઓછા સમયનો વપરાશ | ૧૫% | પ્રતિ વર્ષ ૨% લેખે મહત્તમ છેલ્લા ૧૦ વર્ષ માટે. | ૧૫% | પ્રતિ વર્ષ ૨% લેખે મહત્તમ છેલ્લા ૧૦ વર્ષ માટે. (પરંતુ 3000 ચો.મી સુધીના ઔ.મિલકતો પર મહતમ ૧૦% લેખે) | 30% | ૧૦% | પ્રતિ વર્ષ ૨% લેખે |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૫(પાંચ) વર્ષથી કે તેથી વધુ પરંતુ ૧૦ (દશ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૧૦% | | | | | | |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૧૦(દશ) વર્ષ કે તેથી વધુ સમયનો વપરાશ. | ૫% | | | | | | |

(33) 03/01/18

*કેટેગરી -૨ અન્વયે સ્પષ્ટતા:- અગાઉ મિલકતને જે તે સમયના નીતિ-નિયમ મુજબ વપરાશી ગણવામાં આવેલ હોય/વપરાશી ગણી તબદીલ કરવામાં આવેલ હોય અને હાલ એકમ બંધ હોય કે નિગમની હાલની નીતિ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી આવતી તેવી જ મિલકતો આ કેટેગરીમાં તબદીલ થઇ શકશે એટલે કે મિલ્કતને એક વખત વપરાશી ગણવામાં આવેલ હોવી જોઇએ.

➢ કેટેગરી -૧ અને ૨ ના ફોર્મલ તથા નામ બદલવાના તબદીલીના કિસ્સાઓમાં કોઇ તબદીલી ફી લેવાની રહેશે નહી.

(36) 27/12/18

➢ પરિપત્ર તા.૨૭/૧૨/૨૦૧૮, ક્રમાંક:૩૫ મુજબ **કેટેગરી-૨**: નિગમના પરિપત્ર ક્રકજીઆઇડીસી /ઓ એન્ડ એમ/ સીઆઇઆર/ પોસ્ટ વિતરણ/૮૯, તા.૦૬/૦૭/૧૭ ની જોગવાઇઓ યથાવત રાખી ૩૦૦૦ ચો.મી.. સુધીનો વિસ્તાર ધરાવતા ઔદ્યોગિક એકમો માટે કેટેગરી-૨ હેઠળ વણવપરાશી દંડ ની રકમ મહત્તમ ૧૦% લેખે વસૂલ લેવાની રહેશે.

(35) 29/05/18

- કેટેગરી-૩ ના પરિપ્રેક્ષમાં એમ.એસ.એમ.ઇ. વિતરણમાં ખાસ રાહત દરે જે મિલકતની ફાળવણી થયેલ હોય તેમાં મૃત્યુનાં વારસદારની તરફેણમાં તબદીલી સિવાયના કિસ્સાઓમાં ખુલ્લી/વણવપરાશી મિલકતોની તબદીલી થઇ શકશે નહિ. આવા ફાળવણીના કિસ્સાઓમાં મિલકતનું એકત્રીકરણ થઇ શકશે નહી.જે ફાળવણીદારો મિલકતનો ઉપયોગ કરી શકે તેમ ના હોય તેઓએ મિલકત નિગમને નિગમની હયાત પોલીસી મુજબ પરત કરવાની રહેશે.

છેલ્લા ત્રણ વર્ષથી જુન-૨૦૧૫ થી ફાળવેલ પ્લોટોને આ જોગવાઇ લાગુ પાડવાની રહેશે. નવા વસાહતનાં ઓ.સી.એ.માં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(33) 03/01/18

કેટેગરી-૩ સ્પષ્ટતા: કેટેગરી-૩ અન્વયે ,ઔપચારિક પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં મિલકતના વપરાશની વધારાની કોઇ સમયમર્યાદા મળવા પાત્ર થશે નહિ.

(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ ઓએન્ડએમ / સીઆઇઆર/ વિતરણ/ પોલીસી/ ૮૫/ ૩, તારીખઃ૦૧.૦૧.૨૦૧૧ અન્વયે, કો-ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં પ્રથમ વખતની તબદીલી સમયે ઉકત પત્રકમાં જણાવ્યા મુજબ તબદીલી ફી / વણપવરાશી દંડની વસુલાત કરવાની રહેશે. ત્યારબાદ કો-ઓપરેટીવ સોસાયટીના સભ્યોમાં થતા ફેરફાર બાબતે પરિપત્ર તારીખઃ૦૧.૦૧.૨૦૧૧ પ્રમાણે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

(૫) નિગમ ધ્વારા પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૭૦, તા.૧૮.૦૨.૨૦૧૭ થી બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ / કોર્ટ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થયેલ હરાજી / વેચાણના કિસ્સાઓમાં તબદીલી અંગેની એક અલાયદી નીતિ નકકી કરવામાં આવેલ છે. સદર નીતિ પૈકી અનુક્રમ નંબરઃ૪-કોર્ટ ધ્વારા થયેલ હુકમ અન્વયે મર્જર થયેલ કંપનીઓના કિસ્સાઓમાં નિગમના તા. ૦૬/૦૭/૨૦૧૭ ના પરિપત્ર મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જયારેઅન્ય કિસ્સાઓ માટે તા.૧૮.૦૨.૨૦૧૭ ના પરિપત્રની જોગવાઈ મુજબ તબદીલી અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૬) નિગમની તા.૦૨.૧૨.૨૦૧૫ ની ખુલ્લી / વણવપરાશી ઔદ્યોગિક મિલ્કતોની તબદીલી અંગેની નીતિ અન્વયે તબદીલી થયેલ મિલ્કતો અને નવી નીતિ અન્વયે ખુલ્લી મિલ્કતોની વપરાશની સમયમર્યાદાઃ-

નિગમની તા.૦૨.૧૨.૨૦૧૫ ની ખુલ્લી / વણવપરાશી ઔદ્યોગિક મિલ્કતની તબદીલી અંગેની નીતિ અન્વયે જે મિલ્કત તબદીલ થયેલ છે તેવા કિસ્સાઓમાં મિલ્કતના વપરાશની જે સમયમર્યાદા આપવામાં આવેલ છે તે તારીખથી વધુ ૩(ત્રણ) વર્ષ માટે મિલ્કતની વપરાશની સમયમર્યાદા મળવાપાત્ર થશે. જે અન્વયે વણવપરાશી પેનલ્ટી વસુલ લેવાની રહેશે નહિ. પરંતુ જો સદર સમયગાળા દરમ્યાન કે ત્યારબાદ મિલ્કતની તબદીલી અંગેની અરજી નિગમને મળે અને જો મિલ્કત વણપવરાશી હોય તો તમામ વણવપરાશી સમયગાળા માટે નિગમના નીતિ નિયમ મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. સદર નીતિ હવે પછી થનાર ખુલ્લી ઔદ્યોગિક મિલ્કતની અનૌપચારીક પ્રકારનાં તબદીલીના કિસ્સાઓમાં પણ લાગુ પડશે. એટલે કે કેટેગરી-૩ અન્વયે, ઔપચારીક પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં મિલ્કતના વપરાશની વધારાની કોઈ સમયમર્યાદા મળવાપાત્ર થશે નહિ.

(૭) તબદીલ કરનાર ધ્વારા જે વપરાશી પુરાવા રજુ કરવામાં આવેલ હોય તે તબદીલીથી મેળવનારના નામના હોય, તો ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની તબદીલી ફી ઉપરાંત વધારાની ૩% લેખે તબદીલી ફી મેળવી મંજુરી આપવાની રહેશે.

........................................................................................................

જે કિસ્સાઓમાં ફકત કંપની/ભાગીદારી પેઢીનું નામ બદલાતુ હોય પરંતુ મૂળ ફાળવણીદારોનો હિસ્સો ૧૦૦% ટકા જળવાય રહેતો હોય તેવા કિસ્સાને તબદીલીના કિસ્સા: (પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૨૩ તા.૨૮.૧૧.૨૦૧૭ અને સુધારા પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડમ/સીઆઇઆર/વિતરણ/પોલિસી/૧૨૪ તારીખ:૧૨.૧૨.૨૦૧૭)

| અ.નં. | તબદીલીના પ્રકારના વર્ણન જેવું કે કોના દ્વારા કોની તરફેણમાં છે તે | તબદીલી આપનાર –લેનારના બંધારણના શેર ફાળાના ધોરણે અરજીની તારીખે પ્રવર્તમાન ફાળવણીની કિંમતના ટકાના પ્રમાણે લેવાની થતી ફી નું ધોરણ | | |
|---|---|---|---|---|
| | | ઉપયોગમાં લેવાયેલ | | ઉપયોગમાં લીધા સિવાયના |
| | | અસલ ફાળવણીદારનો ફાળો નીચેના ટકાથી ઓછો થાય ત્યારે | અરજી તારીખે પ્રવર્તમાન ફાળવણી કિંમતના ટકાની ફી | ફાળવણી તારીખથી બે વર્ષ પછી અને સાત વર્ષ સુધીના માટે અરજીની તારીખે પ્રવર્તમાન ફાળવણી કિંમતના ટકાની ફી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | માલીક –માલીકી પેઢીથી અન્ય માલીક–માલીકી પેઢીની તરફેણમાં | ૫૧ % | ૧૦% | ૧૫% |
| ૨ | માલીક– માલીકી પેઢી થી ભાગીદારી પેઢીની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૩ | માલીક– માલીકી પેઢીથી પ્રા.લિ.કંપની. તરફેણમાં | ૫૧ % | ૧૦% | ૧૫% |
| ૪ | માલીક– માલીકી પેઢી થી પબ્લીક લી.કંપની. તરફેણમાં | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૫ | ભાગીદારીપેઢીથી માલીક–માલીકી પેઢીની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૬ | ભાગીદારી પેઢી માં ફકત શેરફાળાની તબદીલી | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૭ | ભાગીદારી પેઢીથી પ્રા.લિ.કંપનીની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૮ | ભાગીદારી પેઢીથી પબ્લીક કંપનીની તરફેણમાં | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૯ | પ્રા.લિ.કંપનીમાંથી માલીક–માલીકી પેઢી ની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૦ | પ્રા.લિ.કંપનીમાંથી ભાગીદારી પેઢીની તરફેણમાં. | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૧ | પ્રા.લિ.કંપનીમાંથી પ્રા.લિ.કંપનીની તરફેણમાં. | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૨ | પ્રા.લિ.કંપનીમાંથી પબ્લીક.લિ.કંપનીની તરફેણમાં. | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૧૩ | પ્રા.લિ.માંથી ફકત શેરફાળાની તબદીલી | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૪ | પ્રા.લિ.કંપનીમાંથી સબસીડીયરી હોલ્ડીગ એસોસીએટેડ પબ્લીક | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૫ | પ્રા.લિ.કંપનીમાંથી સબસીડીયરી હોલ્ડીગ એસોસીએટેડ પબ્લીક | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૧૬ | પ્રા.લિ.કંપનીમાંથી ભાગીદારી પેઢીની તરફેણમાં. | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૭ | પબ્લીક કંપનીમાંથી ભાગીદરી પેઢીની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૮ | પબ્લીક કંપનીમાંથી ભાગીદરી પેઢીની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૧૯ | પબ્લીક કંપનીમાંથી પબ્લીક લી.કંપનીની તરફેણમાં | ૨૬ % | ૧૦% | ૧૫% |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | પબ્લીક કંપનીમાંથી સબસીડીયરી હોલ્ડીગ કે એસોસીએટેડ પબ્લીક કંપની લી.ની તરફેણમાં | ૫૧% | ૧૦% | ૧૫% |
| ૨૧ | પબ્લીક કંપનીમાંથી સબસીડીયરી હોલ્ડીગ કે એસોસીએટેડ પબ્લીક કંપની લી.ની તરફેણમાં | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૨૨ | પબ્લીક લી.કંપનીમાં ભાગીદારી,પ્રા.લિ. કું. કે સબસીડીયરી હોલ્ડીગ કેએસોસીએટેડ કું.ઓના એકત્રીકરણની તરફેણમાં | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૨૩ | અરજદાર/ ફાળવણીદાર /પબ્લીક લી.કું.નો પ્રમોટર હોય અને બે વર્ષની અંદર કું.ની તરફેણની તબદીલી હોય | ૨૬ % | ૧૦% | ૧૫% |
| ૨૪ | અરજદાર પ્રમોટર બે વર્ષમાં પ્રા.લી. કંપની બનાવે ત્યારે | ૫૧% | ૧૦% | **માન્ય ન રાખવી** |
| ૨૫ | જીએસએફસી -જીઆઇઆઇસી દ્વારા વેચાણથી થયેલ તબદીલીઓ | | | |
| અ | જેમાં જીએસએફસી -જીઆઇઆઇસીએ ધિરાણ કરેલ મુદ્દલ પણ વસૂલ થયેલ નથી. | લાગુ પડતું નથી. | કાંઈ નહીં | ૧૫% |
| બ | જેમાં મુદ્દલ જ વસૂલ થાય છે પરંતુ અન્ય વસૂલાત બાકી રહે છે. | લાગુ પડતું નથી. | ૫% | ૧૫% |
| ક | જેમાં મુદ્દલ તથા સાદું વ્યાજ પણ વસૂલ થયું હોય ત્યારે | લાગુ પડતું નથી. | ૧૦% | ૧૫% |
| ૨૬ | બીઆઇએફઆર સ્લીક કે મુખ્ય સચિવશ્રીની માંદા એકમો માટેની કમિટી દ્વારા તબદીલીની ભલામણ થાય ત્યારે | લાગુ પડતું નથી. | જે તે કમિટી દ્વારા ભલામણ કર્યા મુજબ | |

(31)
28/11/17

- ✓ જે કિસ્સાઓમાં ફકત કંપની/ભાગીદારી પેઢીનું નામ બદલાતુ હોય પરંતુ મૂળ ફાળવણીદારોનો હિસ્સો ૧૦૦% ટકા જળવાય રહેતો હોય તેવા કિસ્સાને તબદીલીના કિસ્સા ગણવાના રહેશે નહી.
- ✓ ફાળવણીદારે આ બાબતે કંપનીના શેરહોલ્ડરો/ભાગીદારી પેઢીના સભ્યોનો ૧૦૦% હિસ્સો જળવાય રહે છે, તે અંગેના જરૂરી આધાર પુરાવા રજૂ કરવાના રહેશે.
- ✓ નિગમના તમામ બાકી લ્હેણા વસુલ લેવાના રહેશે.
- ✓ કોઇ તબદીલી ફી વસૂલવાની રહેશે નહી.
- ✓ જો આવા પ્લોટ/શેડ વણવપરાશી/ખુલ્લો હોય તો નિગમના નીતિ-નિયમ મુજબ વણ-વપરાશી સમયગાળા માટે પ્રવર્તમાન વિતરણ દરના પ્રતિ વર્ષ ૨ % લેખે વણવપરાશી દંડની વસૂલાત કરવાની રહેશે.
- ✓ આવા કિસ્સાઓમાં ફાળવણીદારે જરૂરી આધાર પુરાવા સાથે નિગમને નામ બદલવા અંગેની અરજી કરવાની રહેશે અને નિગમ દ્વારા નામ બદલી આપવા અંગેનો શરતીય હુકમ અને આખરી હુકમ જારી કરવાનો રહેશે **(સુધારા પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ઓએન્ડમ/સીઆઇઆર/વિતરણ/પોલિસી/૧૨૪ તારીખ:૧૨.૧૨.૨૦૧૭)**
- ✓ નિગમના નીતિ નિયમ મુજબ એનેક્ષર-એ, એનેક્ષર-બી, ડીડ ઓફ એસાઇમેન્ટ મેળવવાનું રહેશે.

➢ પ્લોટ/ શેડ તબદીલીના કિસ્સામાં કાર્યરત કંપની સેક્રેટરી તરફથી જારી કરવામાં આવતા કંપનીના શેર હોલ્ડર્સ અને શેર હોલ્ડીંગ બાબતના પ્રમાણ પત્ર ને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્રની સમકક્ષ ગણી આધારભૂત ગણવા

(૧) સદર ફાળવણી "મર્યાદિત પ્રકારની વાણિજય હેતુ" માટેની ફાળવણી તરીકે ઓળખાશે.

(૨) સદર નીતિ હેઠળ ફાળવેલ મિલકતો હવે પછીથી વાણિજયક મિલકતો તરીકે ગણાશે અને સદર બાબતનો સુધારી વિકાસ નકશામાં આમેજ કરવાનો રહેંશે.

(3) કોઇપણ સંજોગોમાં સદર મિલકતોની ફાળવણીનો હેતુ / ધંધાનો પ્રકાર બદલી આપવામા આવશે નહી.

જો કોઈ ફાળવણીદાર નિયત કરેલ હેતુસર મિલકતનો ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય તો નિગમ દ્વારા જી.પી.પી. એક્ટ હેઠળ સદર મિલકતનો કબજો પરત લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

૪) તબદીલી, ઉપયોગની સમયમર્યાદા વધારી આપવા અંગે, પેટા વિભાજન, એકત્રીકરણ. પેટા ભાડે, કબજો પરત સોપવા, લગતે ફાળવણીની જેવી કોઇપણ દરખાસ્ત માટે પ્રવર્તમાન વાણિજય દર લાગુ પાડવાનો રહેશે.

નિગમ દવારા આવી તબદીલી કે પેટાવિભાજનની દરખાસ્તને મંજૂરી આપતી વખતે ફાળવણીનો હેતું બદલાય નહીં તે જોવાનું રહેશે.

(૫) જો નિગમ દ્વારા જી.પી.પી. એક્ટ હેઠળ સદર ટુરિઝમ પોલિસી હેઠળ ફાળવવામાં આવેલ મિલકતોનો કબજો પરત સંભાળેલ હોય અને ફાળવણીદાર દ્વારાં અગાઉ કરેલ ફાળવણીના હેતુ અન્વયેનો જ પ્રોજેકટ અમલમાં મુકવા અન્વયે રીસ્ટોરેશનની માંગણી કરવામાં આવે તો તેવા કિસ્સામાં, જો આવી નીતિ અમલમાં હોય તો ગુણદોષને આધારિત ચકાસણી કરી નિર્ણય લેવાનો રહે છે. પરંતુ સદર રીસ્ટોરેશન વખતે પ્રવર્તમાન વાણિજય દર લાગુ પાડવાનો રહેશે.

(૬) આવા કિસ્સાઓમા અગાઉ કરવામાં આવેલ નિર્ણયોને આખરી ગણવાના રહેશે.

(૭) સદર પ્રકારના ખાસ વાણિજય હેતુસરની ફાળવણીના કિસ્સામાં કોઇપણ પ્રકારની દરખાસ્તને મંજૂરી આપવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે.

..........................................................................................................................................

<u>**નાયબ કાર્યપાલક ઈજનેર ધ્વારા સ્થળ –સ્થિતિનો અહેવાલ નિયત ચેકલીસ્ટમાં કરવા બાબતઃ**</u>

- નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/એસએટીપી/સીઆઈઆર/૨૮, તા.૧૫–૭–૨૦૧૫ ની જોગવાઈઓ પ્લોટના સબ–ડીવીઝન , એકત્રીકરણ, લગત પ્લોટની ફાળવણી, તબદીલીના કિસ્સાઓ વિગેરે બાબતે તાંત્રીક અભિપ્રાય એટલે કે સ્થળ સ્થિતિના અહેવાલ સંબંધે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ આપવાનો થાય છે. જે અંગેના ચેકલીસ્ટનો નમુનો નીચે મુજબ છે. તેમજ ઉપરોકત પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/એસએટીપી/સીઆઈઆર/૨૮, તા.૧૫–૭–૨૦૧૫ મુજબ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

With reference to the above Subject in the cases of sub division, amalgamation, allotment of the adjoining plot, transfer of plot and other concerned issues technical views are required to be given based on the site verification report by D.E.E to decided the merit to the cases, It is observed in various officers are submitted site verification reports which are different and inadeuate. Hence it was decided to avail an uniform & complete site verification report in all cases. A check-list with standard form is therefore prepared and approved by V.C. & M.D. on 12/06/2015 oh the concerned fole of ATP branch. A Copy of the same is appended herewith for your ready reference. All Deputy Executive Engineers are hereby instructed to fill all the details of the attached check-list with their clear opinion alongwith the photographs before submission. Incomplete check –list and site verification report may not be processed further.

.................................................................................................................................................

**<u>તબદીલી સમયે સરકારશ્રીના જુદા જુદા ખાતાઓ સ્થાનિક સંસ્થાઓ કે અન્ય સંસ્થાઓ વિગેરેની બાકી લેણી રકમ નિગમ મારફતે વસુલ કરવા અંગેની નીતિઃ</u>**

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓ એન્ડ એમ/સીઆઈઆર/પીઓએલ/૩૧/૪૧૨/૯૪ તા.૧૮/૦૫/૧૯૯૪ ની જોગવાઈ અનુસાર નિગમ અને ફાળવણીદાર વચ્ચે થયેલ કરારની શરતોનું પાલન થતું હોય તો તબદીલી કે પેઢી ના બંધારણના ફેરફારના કિસ્સામાં નિગમની નીતિ અનુસાર કાર્યવાહી કરવી અને સરકારશ્રીના અન્ય ખાતાઓની લેણી રકમની વસુલાતની જવાબદારી નિગમ માથે રાખવી નહી અને તે મુજબ તબદીલી કે પેઢીના બંધારણના ફેરફારના કિસ્સાઓ કાયમી કરવા કારણકે સરકારશ્રીના જુદા જુદા ખાતાઓ અને સંસ્થાઓની લ્હેણી રકમ વસુલ લેવા બાબતે જે તે કાયદાઓમાં તે બાબતની જોગવાઈ કરવામાં આવેલ હોય છે અને સદર જોગવાઈઓ અનુસાર તેઓ તેની લ્હેણી રકમની વસુલાતની કાર્યવાહી હાથ ધરી શકે છે તેવી નીતિ અમલી છે.

.................................................................................................................................................

**મહિલા ઉધોગ સાહસિકને વિતરણ કિંમતમાં રાહત તથા અન્ય શરતો બાબતઃ**

નિગમની તા.૨૧/૦૬/૯૬ ના રોજ મળેલ અને તા.૪/૭/૯૬ના રોજ મુલત્વી રહેલ ૩૬૮ મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૫૧/વિત/૯૬ થી પસાર કરેલ ઠરાવ તથા નિગમના પરિપત્ર ક્રમાંકઃ સીઆઈઆર/ વિત/પીઓએલ/૧(૪)૩૧-૬૬૪/૯૬ તા.૩૦/૮/૯૬ થી નિગમની વસાહતોમાં મહિલા ઉધોગ સાહસિકને નીચેની શરતોને આધિન વિતરણની કિંમતના ૫૦૦૦ ચો.મી. સુધીના પ્લોટ માટે ૧૦ ટકા રાહત આપવામાં આવે છે.

(૧) ઔધોગિક એકમમાં મહિલા ઉધોગ સાહસિકોનો હિસ્સો ૧૦૦ ટકા હોવો જોઈએ.
(૨) ભાગીદારી પેઢીથી સ્થપાતા એકમમાં તમામ ભાગીદારો મહિલા હોવા જોઈએ.
(૩) મહિલા ઉધોગ સાહસિક ધ્વારા સ્થાપવામાં આવતી પ્રાઈવેટ લીમીટેડ કંપની કે પબ્લીક લીમીટેડ કંપનીને વિતરણ કિંમતમાં રાહત આપવામાં આવતી નથી.
(૪) ૧૦૦ ટકા મહિલા ઉધોગ સાહસિકો ધ્વારા સ્થપનારા એકમનાં પ્રોજેકટ રીપોર્ટને ધ્યાનમાં લઈ વધારેમાં વધારે ૫૦૦૦ ચો.મી. સુધીની ઔધોગિક જમીન ૧૦ ટકા રાહત દરે ફાળવવામાં આવે છે.
(૫) મહિલા ઉધોગ સાહસિકોને ફાળવવામાં આવેલ પ્લોટ જો ઉપયોગ થયા બાદ પ્રથમ પાંચ વર્ષ પછી તબદીલી માટે નિગમનો વિનંતી કરે તો આવા કિસ્સામાં આપવામાં આવેલ રાહત પરત લેવી નહી અન્યથા, રાહત વ્યાજ સાથે પરત લેવી અને જો તબદીલીમાં લેનાર એકમ પણ ૧૦૦ ટકા મહીલા ઉધોગ સાહસિકો ધ્વારા સ્થપાયેલ હોય તો તબદીલ કરવા વિનંતી કરે તો રાહતની રકમ પરત લેવી નહી.
(૬) નિગમની નીતિ અનુસાર મહિલા ઉધોગ સાહસિકને ફાળવેલ ઔધોગિક હેતુસરની જમીનનો ઉપયોગ નિયત સમયમાં કરવાનો રહેશે.
(૭) ફાળવેલ મિલ્કતના કરારની શરતોનો ભંગ થવા બદલ આ મિલ્કત નિગમ ધ્વારા ઈવીકશનથી કબજો પરત મેળવે અથવા ફાળવણીદાર સ્વૈચ્છિક રીતે મિલ્કતનો કબજો પરત સોંપણી થતા વિતરણ કિંમતમાં આપવામાં આવેલ રાહતની રકમ વ્યાજ સહિત વસુલ લેવાની રહેશે.

.................................................................................................................................................

**નિગમની વસાહતોમાં કો.ઓપરેટીવ સોસાયટીને રહેણાંકની જમીનની ફાળવણી કર્યા પછી નવા સભ્ય લેવા બાબત તથા તબદીલી ફી વસુલ લેવા બાબત. (પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૮૫/૩ તા.૦૧-૦૧-૨૦૧૧)**

નિગમના વસાહતોમાં ઓધોગિક એકમોને અને ઔધોગિક એકમોમાં ફરજ બજાવતા કર્મચારીઓને રહેણાંક પ્લોટની ફાળવણી કરવામાં આવે છે. જેમાં, આવા ફાળવણીદાર ધ્વારા કો.ઓપરેટીવ સોસાયટી બનાવીને તબદીલી કરવા માટે નિગમને અરજીઓ મળતી હોય છે તેમજ અમુક કિસ્સાઓમાં શરૂઆતમાં અગિયાર/બાર સભ્યો હોય છે અને તે પછી સભ્યોની સંખ્યા અમુક કિસ્સાઓમાં સુધારા/ વધારાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે નિગમની હાલમાં આ પ્રકારના તબદીલીના કિસ્સામાં નીતિ કિસ્સામાં નીતિ અમલમાં છે, કે જયારે જયારે તબદીલી અંગેની દરખાસ્ત મળે ત્યારે કો-ઓપરેટીવ સોસાયટીના મુળ સભ્યો

બહુમતીમાં રહેતા હોય ત્યારે ફરત બાંધકામ થયેલ વિસ્તાર ઉપર રૂા. ૪૦/– પ્રતિ ચો.મી. તબદીલી ફી વસુલવામાં આવે છે પરંતુ જો તબદીલીની દરખાસ્ત વખતે મુળ સભ્યો બહુમતીમાં ન રહેતા હોય તો પ્લોટના પુરેપુરા વિસ્તાર ઉપર તબદીલી ફી સંદર્ભીત પરિપત્ર મુજબની ગણત્રી કરી વસુલ લેવામાં આવે છે.

આ નીતિમાં સુધારો કરી સ્પષ્ટ ધોરણો નકકી કરવાની જરૂરીયાત ઉપરાંત આવા કિસ્સાઓમાં તબદીલી ફી મેળવવા માટે ઉપસ્થિત વિસંગતતાને દૂર કરવા સારું બાંધકામના વિસ્તારને ઘ્યાને લઈ તબદીલી ફી વસુલ લેવા અંગેની નીતિ ઘડવા બાબતે નિગમની તા.૧૩/૧૨/૨૦૧૦ના રોજ મળેલ ૪૫૨ મી સભા સમક્ષ કાર્યસૂચિ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંકઃ ૧૧૨ /વિતર/૪૫૨/૨૦૧૦ મુજબ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧) કંપની સ્કીમ હેઠળ માલિક /ભાગીદાર કે નિયામકશ્રીને ફાળવવામાં આવેલ રહેણાંક પ્લોટની જયારે પ્રથમવાર સોસાયટીની તરફેણમાં તબદીલ કરવાની અરજી મળે ત્યારે ફાળવવામાં આવેલ પ્લોટના પુરેપુરા વિસ્તારની નિગમની પ્રવર્તમાન તબદીલીની નીતિ મુજબ તબદીલી ફી વસુલ લઈ તેનો નિકાલ કરવો.

૨) કો–ઓપરેટીવ સોસાયટીના મુળ સભ્યો સિવાયના નવા દાખલ થનાર તમામ સભ્યો માટે પ્રતિ સભ્ય દીઠ કાર્પેટ એરીયાના પ્રતિ ચો.મી.એ રૂા. ૧૦૦/– ની તબદીલી ફી વસુલ લેવી.

૩) **આવી સોસાયટીમાં ફરીથી કોઈ સભ્ય અન્ય કોઈ સભ્યને ફલેટ તબદીલ કરે ત્યારે તબદીલીથી થવા દાખલ થનાર સભ્ય પાસેથી ઉપર જણાવ્યા મુજબ કાર્પેટ એરીયાના પ્રતિ ચો.મી.એ રૂા. ૧૦૦/– પ્રમાણેની તબદીલી ફી વસુલ લેવી.**

૪) ઉપર મુજબની નીતિ વાણિજય પ્લોટમાં આવેલ દુકાનો રહેણાંક મકાનો, ફલેટ વિગેરેમાં પણ લાગુ પાડવાની રહેશે.

..........................................................................................................

<u>પેટા વિભાજનના કિસ્સામાં પેટા વિભાજનના ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખુલ્લા/વણવપરાશી પ્લોટની પ્રથમ વખતની તબદીલી કરવા બાબતે.</u>

(૧) પેટા વિભાજનનાં ફળ સ્વરૂપે અસ્તિવમાં આવનાર ખુલ્લા / વણવપરાશી પ્લોટને નિગમનાં પ્રર્વતમાન વિતરણ દરનાં ૨૦% લેખે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

(૨) ઔપચારીક(Formal)પ્રકારના તબદીલીના કિસ્સામાં તબદીલી ફી વસુલ લેવાની રહેશે નહી.

(૩) આ નીતિ અન્વયે પેટા વિભાજનનાં કિસ્સામાં પેટા વિભાજનનાં ફળ સ્વરૂપે અસ્તિવમાં આવનાર ખુલ્લા / વણવપરાશી પ્લોટને પ્રથમ વખત ( એક જ વાર) તબદીલી મંજુર રાખી શકાશે.

(૪) નિગમનાં સમયાંતરે થયેલ પરિપત્રની જોગવાઈ તથા જે તે સમયની પ્રવર્તમાન પેટા વિભાજનની નીતિ મુજબ સુસંગત પેટા-વિભાજીત થયેલ પ્લોટના કિસ્સામાં આ નિતી લાગુ પડશે.

(૫) ઉકત મુદ્દા નં.(૪) સિવાયના કિસ્સાઓમાં ગુણદોષના આધિન તબદીલી અંગેની મંજુરી આપવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે.

(૬) પ્લોટની તબદીલીની સત્તા નિગમના તારીખઃ૦૨.૧૨.૨૦૧૪ની સત્તા સોંપણી મુજબ તથા વખતોવખત થતા સત્તા સોંપણીના સુધારા પ્રમાણે રહેશે. વધુમાં અરજદાર પેટા વિભાજનની સાથે સાથે તબદીલી ઈચ્છતા હોય તો તે પણ એક જ પ્રકરણ એક સાથે મંજુરી અર્થે ફાઈલ માન. ઉપા. અને વ.સં.શ્રીની મંજુરી અર્થે સાદર કરવાની રહેશે.

..........................................................................................................................

**<u>નિગમ ધ્વારા કરવામાં આવતા શરતી તબદીલી હુકમને નિયમિત કરવાની નીતિ:</u>**

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓ એન્ડ એમ/ સીઆઈઆર/ વિતરણ/ પોલસી/૧૫/૨૩ તા. ૧૮–૦૫–૧૮ થી જે કિસ્સાઓમાં શરતી હુકમ જારી થયાની તારીખથી તબદીલી હુકમની મુળ શરતો મુજબ પુનઃ જીવિત કરવાની કાર્યવાહી ૧ વર્ષ સુધીમાં જ કરવાની રહેશે ૧ વર્ષ બાદના કિસ્સાઓ પુનઃ વિચારણા કરવા માટે રજુ કરવાના રહેશે નહીં.અને ફાળવણીદારે તબદીલી માટે નવેસરથી અરજી કરવાની રહેશે. વિલંબનો એક વર્ષ સુધીનો સમયગાળો નિયમિત કરી આખરી તબદીલીનો હુકમ જારી કરવા માટેની મંજુરી આપવાની **સત્તાઓ વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક છે.**

**<u>દસ્તાવેજી પૂર્તતાઓ:</u>**

(૧) નિગમની પ્રવર્તમાન નીતિ અંગેની જોગવાઈ મુજબ કામચલાઉ તબદીલી શરતી હુકમ જારી કર્યા પછી દસ્તાવેજી તેમજ નાણાંકીય પૂર્તતા કરવા માટે આપેલ સમય મર્યાદા દરમ્યાન જો ફાળવણી દરમાં વધારો થાય, પરંતુ ફાળવણીદાર ધ્વારા જો નિયત સમય મર્યાદામાં કામચલાઉ શરતી તબદીલી હુકમની પૂર્તતા કરેલ હોય તો તેઓને ભાવ વધારો લાગુ પાડવાનો રહેશે નહીં.

(૨) કામચલાઉ તબદીલી શરતી હુકમની સમય મર્યાદામાં જરૂરી પૂર્તતા કરી દેવામાં આવેલ હોય, પરંતુ કોઈ કારણોસર નિગમ ધ્વારા ભાવ વધારા પહેલા કામચલાઉ તબદીલી શરતી હુકમ પુનઃ જીવિત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની કાર્યવાહી થઈ શકેલ ન હોઈ, તેવા કિસ્સામાં ભાવ વધારા પહેલા ફાળવણીદાર ધ્વારા જરુરી તમામ પૂર્તતા થઈ ગયેલ હોવાથી તેઓને નવો ફાળવણીદર લાગુ પડી શકશે નહીં.

(૩) ફાળવણીદાર ધ્વારા તબદીલીના શરતી હુકમમાં જણાવેલ તમામ પુરેપુરી રકમ સમય મર્યાદામાં ભરપાઈ કરવામાં આવેલ હોય અને તે તારીખ સુધીની ફાળવણીદારની નિગમની અન્ય બાકી રહેતી રકમ ઉપર વ્યાજની રકમ પણ ભરપાઈ કરેલ હોય તો તેવા સંજોગોમાં કામચલાઉ શરતી તબદીલી હુકમ તેની મુળ શરતો પ્રમાણે પુનઃ જીવિત કરી આખરી તબદીલી હુકમ જારી કરતી વખતે જો ફાળવણીદાર ધ્વારા ફક્ત વહીવટી બાબતો એટલે કે કંપનીનું મેમોરેન્ડમ ઓફ એસોસીએશન, આર્ટીકલ્સ ઓફ એસોસીએશન, કંપનીનું જીઆઈડીસી પાસેનું"નો ડયુ પ્રમાણપત્ર" કે અન્ય દસ્તાવેજો જેવા કે શરતી તબદીલી હુકમ સાથે તબદીલ કરનાર કે તબદીલ કરાવનાર ધ્વારા કાર્યાન્વિત કરીને પરત લેવાના હોય તેવા દસ્તાવેજો આપવા બાબતે જો વિલંબ થયેલ હોય અને તે સમય દરમ્યાન નિગમ ધ્વારા ફાળવણીદરમાં વધારો/ ફેરફાર થયેલ હોય તો તે ભાવ વધારો આ પ્રકારના તબદીલી અંગેના કિસ્સાઓમાં લાગુ કરવાનો રહેશે નહી.

(૪) જે કિસ્સાઓમાં ફાળવણીદાર દ્વારા કામચલાઉ શરતીય તબદીલી હુકમની સમયમર્યાદામાં દસ્તાવેજી પુર્તતા પૂર્ણ કરવામાં આવેલ હોય, પરંતુ નાણાકીય પુર્તતા પૂર્ણ કરવામાં ન આવેલ હોય અથવા કામચલાઉ શરતીય તબદીલી હુકમની નાણાંકીય કે દસ્તાવેજી પુર્તતા પૂર્ણ કરવામાં ન આવેલ હોય અને તેવા સંજોગોમાં જો ફાળવણીદરમાં વધારો થાય તો આ પ્રકારના તબદીલી હુકમને પુનઃ જીવિત કરતી વખતે નવો ફાળવણીદર લાગુ કરવાનો રહેશે.

(૫) ઘણાં કિસ્સાઓમાં કામચલાઉ શરતીય તબદીલી હુકમ જારી કરતા પહેલા સામાન્ય પત્ર દ્વારા ફાળવણીદારોને સૂચિત તબદીલી પેટે ભરવાના થતા નાણા ભરવા માટેની જાણ કરવામાં આવેલ હોય ફાળવણીદાર દ્વારા આવા પત્ર અન્વયે ભરવાનીથતી રકમ ભરપાઇ કરવામાં આવેલ હોય પરંતુ નિગમ દ્વારા તબદીલી હુકમ જારી કરવામાં આવે તે પૂર્વે ફાળવણીદરમાં વધારોથવાથી ફાળવણીદાર પાસેથી નવા ફાળવણીદર મુજબ વધારાનારકમની માંગણી કરવામાંઆવતી હોય છે. આબાબતે સ્પષ્ટતા કરવામાંઆવેછેકે જે કિસ્સાઓમાં ફાળવણીદારને સામાન્ય પત્ર દ્વારાસૂચિત તબદીલી પેટે ભરવાની થતી રકમની જાણ કરવામાં આવેલ હોય અને ફાળવણીદાર દ્વારા આવા નાણા પૂરેપૂરા ભરપાઇ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં ફાળવણીદારને નવો ફાળવણીદર લાગુ કરવાનો રહેશે નહી. ઉપરાંતતેપણ સ્પષ્ટતા કરવામાંઆવેછેકે આજ પછી નિગમની કોઈ પણ ક્ષેત્રિય કચેરી દ્વારા તબદીલીના કિસ્સામાં સામાન્ય પત્ર દ્વારા તબદીલી પેટે વસૂલવાની થતી રકમની જાણ ફાળવણીદારને કરવાની રહેશે નહી. પરંતુ ફક્ત કામચલાઉ શરતી તબદીલી હુકમ દ્વારા જ આવી રકમની માંગણી કરવામાં આવશે.

...................................................................................................................................

**એસ.ઈ.ઝેડ(સ્પે. ઈન્વેસ્ટમેન્ટ ઝોન) એસ.ઈ.ઝેડની સ્થાપના માટે ફાળવેલ જમીન ડેવલપર્સ ધ્વારા ડીનોટીફાઈડ કરી ઉધોગકારોને ઉધોગની સ્થાપના માટે તબદીલ કરવાની મંજુરી આપવા બાબત:**

નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓ એન્ડએમ/સીઆઈાર/વિતરણ/ પોલીસી/૧૩/૦૫ તા.૧૪/૦૩/૨૦૧**3**થી નીતિ અમલમાં છે.

નિગમ ધ્વારા એસ.ઈ.ઝેડની સ્થાપના માટે સવાલવાળી જમીન ફાળવવામાં આવેલ હોય અને જે જમીન ડીનોટીફાઈડ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ડેવલપર્સ ધ્વારા જો જમીન પોતાના ઉપયોગ માટે અથવા તો અન્ય ઉધોગકારોના નામે તબદીલ કરવા માગતા હોય અને તેવા

૧) જો ડીનોટીફાઈડ થયેલ જમીન ડેવલપર્સ પોતાના ઉધોગ માટે વાપરવા ઈચ્છતા હોય તો ડી નોટીફાઈડ થયેલ જમીનના વિસ્તાર પણ જે તે વસાહતના પ્રવર્તમાના ઔધોગિક વિતરણ દરના ૧૫ ટકા વસુલ લઈને આવી મંજુરી આપી શકાય.

૨) જો નોટીફાઈડ થયેલ આખે આખી જમીન ડેવલપર્સ કોઈ એક જ વ્યકિત/ ભાગીદારી પેઢી/ પ્રાઈવેટ અથવા તબ્લીક લીમીટેડ કંપની/ એચ.યુ. એફ/એ.ઓ.પી. ને તબદીલ કરવા ઈચ્છતા હોય તો ડીનોટીફાઈડ થયેલ જમીનના વિસ્તાર પર જે તે વસાહતના પ્રવર્તમાન ઔધોગિક વિતરણ દરના ૨૫ ટકા વસુલ લઈને આવી મંજુરી આપી શકાય.

૩) જો ડીનોટીફાઈડ થયેલ જમીનને ડેવલપર્સ વિભાજીત કરી જુદા જુદા ઉધોગકારોની તરફેણમાં તબદીલી કરવા માગતા હોય તો તેઓ નિગમના પ્રવર્તમાન પેટા –વિભાજનની નીતિ પ્રમાણે જમીનના કુલ વિસ્તારને આધારે વિભાજન કરી શકાશે. આવા કિસ્સાઓમાં વિભાજન ધ્વારા અસ્તિત્વમાં આવનાર પ્લોટોની સંખ્યા અનુસાર નીચે મુજબ ચાર્જ વસુલ કરવાનો રહેશે.

| ક્રમ | વિભાજન ધ્વારા અસ્તિત્વમાં આવનાર પ્લોટોની સંખ્યા | ડીનોટીફાઈડ ધ્વારા થયેલ જમીનના વિસ્તાર પર જે તે વસાહતના પ્રવર્તમાન ઔધોગિક વિતરણ દર પ્રમાણે વસુલવાની થતી સંકલીત ફી(%) |
|---|---|---|
| ૧ | ૧ થી ૧૦ | ૩૦ % |
| ૨ | ૧૧ થી ૨૦ | ૩૦ % |
| ૩ | ૨૧ થી ૨૫ | ૫૦ % |

## નોંધ:

૧) આ પોલિસી પ્રમાણે વિભાજનના કારણે અસ્તિત્વમાં આવનાર પ્લોટ જો ડેવલોપર પાસેથી ઉદ્યોગકારને તબદીલ કરવામાં આવેલ હોય તો તે તબદીલીની પ્રથમ અરજી મળે ત્યારે કોઇ પણ જાતની તબદીલીની ફી વસૂલવાની રહેશે નહી.

૨) ડી નોટીફાઇડ થનાર જમીન અથવા વિભાજનના કારણે અસ્તિત્વમાં આવનાર પ્લોટનો પ્લાન મંજૂર કરવા માટેની સમય મર્યાદા, બાંધકામ શરૂ કરવા માટેની સમય મર્યાદા, પ્રોડક્શન શરૂ કરવા માટેની સમય મર્યાદા વગેરેની ગણતરી નિગમ દ્વારા આ નીતિ અંતર્ગત આપવામાં આવેલ મંજૂરીની તારીખથી ગણવાની રહેશે.

.....................................................................................................................................................

**વિષય:–ઓફીસ લીકવીડેટર (ઓ.એલ.)/ બેંક વિગેરે હરાજીના કેસો માટેની તબદીલીની નીતિ.**

૧. **<u>બેંક/આરસીલ/તથા અન્ય નાણાંકીય સંસ્થાઓના હરાજી/વેચાણના તબદીલીના કિસ્સાઓ:</u>**

બેંક/આરસીલ તથા અન્ય નાણાંકીય સંસ્થાઓના હરાજી/ વેચાણના તબદીલી અંગેના કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરના **૨૫ %** તબદીલી ફી વસુલવાની રહે છે.

**<u>વણવપરાશી દંડ :–</u>**

- અરજદારે મિલ્કતના વપરાશના પુરાવા તરીકે તબદીલીની અરજી તારીખ અગાઉના બે વર્ષના વપરાશી વીજ બીલો રજુ કરવાના રહેશે.
- નિગમના નીતિ નિયમ મુજબ પ્લોટ ઉપર ઓછામાં ઓછું ૨૦ % ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ હોવું જોઈએ.
- જાહેર હરાજીમાં મિલ્કત ખરીદનાર ધ્વારા કબજો સંભાળ્યા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદના ૩ માસના વપરાશી વીજ બીલો રજુ કરવાના રહેશે.
- જે કિસ્સાઓમાં ઉકત બાબતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સાઓમાં જાહેર હરાજીથી મિલ્કત ખરીદનાર ધ્વારા સંભાળેલ મિલ્કતના કબજા તારીખથી એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈ વણ વપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહી.ત્યારબાદના વણવપરાશી સમયગાળા માટે બીજા વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ દરના ૧ %,લેખે અને ત્યારબાદના વર્ષો માટે પ્રતિ વર્ષ ૩ % લેખે દંડની વસુલાત કરવાની રહેશે.

**<u>અન્ય:–</u>**

- નિગમના અન્ય તમામ લેણાં વસુલ લેવાના રહેશે.

**૨. ઓફીસીયલ લીકવીડેટર/ડી.આર.ટી.ના હરાજી /વેચાણના તબદીલીના કિસ્સાઓ:**

**<u>તબદીલી ફી:</u>**

તમામ કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરના ૨૫ % લેખે તબદીલી ફી વસુલ લેવાની રહેશે. વણવપરાશી દંડ:

- અરજદાર પાસેથી મિલ્કતના વપરાશના પુરાવા તરીકે તબદીલી અરજી તારીખ અગાઉના બે વર્ષના વપરાશી વીજ બીલો રજુ કરવાના રહેશે.
- નિગમના નીતિ નિયમ મુજબ પ્લોટ ઉપર ઓછામાં ઓછું ૨૦ % ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ હોવું જોઈએ.
- જાહેર હરાજીમાં મિલ્કત ખરીદનાર ધ્વારા કબજો સંભાળ્યા તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદના ૩ માસના વીજ બીલો રજુ કરવાના રહેશે.
- આ પ્રકારના તબદીલીના કિસ્સાઓમાં ઓફીસીયલ લીકવીડેટર/ડી.આર.ટી./ ધ્વારા થયેલ હુકમ ધ્યાને લઈ, જે કિસ્સાઓમાં ઉકત બાબતો પરિપૂર્ણ થતી ન હોય તેવા કિસ્સાઓમાં જાહેર હરાજીથી મિલ્કત ખરીદનાર ધ્વારા સંભાળેલ મિલ્કતના કબજા તારીખથી એક વર્ષ સુધીના સમયગાળા માટે કોઈ વણ વપરાશી દંડની વસુલાત કરવાની રહેશે નહી.ત્યારબાદના વણવપરાશી સમયગાળા માટે બીજા વર્ષ માટે પ્રવર્તમાન વિતરણ દરના ૧ %,લેખે અને ત્યારબાદના વર્ષો માટે પ્રતિ વર્ષ ૩ % લેખે દંડની વસુલાત કરવાની રહેશે. જેમાં પ્રિ–લીકવીડેશન ડયુઝ ઓફીસીયલ લીકવીડેટર/ ડી.આર.ટી. પાસેથી વસુલ લેવાના રહેશે.

**<u>અન્ય:–</u>**

નિગમના અન્ય તમામ લેણાં વસુલ લેવાના રહેશે.

૩. **<u>જી.આઈ.આઈ.સી./જી.એસ.એફ.સી. ના હરાજી/વેચાણના તબદીલીના કિસ્સાઓ:</u>**

**તબદીલી ફી/ વણવણરાશી દંડ/અન્ય બાકી લ્હેણાં:**

- જી.આઈ.આઈ.ડી.તેમજ જી.એસ.એફ.સી. ના તબદીલીના કિસ્સામાં સરકારશ્રી ધ્વારા તેમજ નિગમ ધ્વારા વખતો વખત પરિપત્રો જારી કરવામાં આવેલ છે. નિગમ ધ્વારા તા.૦૮-૦૯-૨૦૦૪ થી સરકારશ્રીના પરિપત્ર તા. ૦૭-૦૨-૨૦૦૪ અન્વયે પરિપત્ર જારી કરવામાં આવેલ છે. જેની શરત નંબર :(૮) મુજબ સદર ઠરાવની જોગવાઈઓ તા.૭/૨/૨૦૦૪ પછી થનાર હરાજીના કેસોને લાગુ પડશે તેમ જણાવેલ છે. સદર ઠરાવ બાદ અને તે અગાઉ સમયાંતરે સુધારેલ પરિપત્રો જારી થયેલ છે. જેથી જે તે સમયે જાહેર હરાજી/વેચાણ મુજબ પરિપત્રો જોગવાઈઓ ધ્યાને લઈ તબદીલી ફી/ વણ વપરાશી દંડ/બાકી લ્હેણાંની વસુલાત કરવાની રહેશે.

૪. <u>વિષય: નિગમની તારીખ :૧૮/૦૨/૨૦૧૭ની બેંક/ ડીઆરટી/ ઓફિસીયલ લિક્વીડેટર/**આરસીલ**/ કોર્ટ તેમજ અન્ય **નાણાંકીય સંસ્થાઓ દ્વારા** થયેલ હરાજી / વેચાણ ના કિસ્સઓમાં તબદીલીની નીતિ અન્વયે અન્ય સરકારી વિભાગો/ સરકારી સંસ્થાઓ દ્વારા થયેલ હરાજી/ વેચાણ ના તબદીલીના કિસ્સાઓમાં પણ આ નિતી મુજબ કાર્યવાહી કરવા બાબત.</u>

(૩૪) ૦૮/૧૦/૨૦૨૦

- અન્ય સરકારી વિભાગો/ સરકારી સંસ્થાઓ દ્વારા થતા વેચાણ / હરાજી અન્વયે થતી તબદીલીના કિસ્સાઓમાં તા. ૧૮/૦૨/૨૦૧૭ ના પરિપત્રની જોગવાઇ નંબર-૧ધ્યાને લઇ તબદીલી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઉપરાંત, જે કિસ્સાઓમાં ફાળવણીદાર ધ્વારા લીઝડીડ કાર્યાન્વિત કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં નિગમની પોલીસી મુજબ કાર્યવાહી કરવાની રહેશે.જે કિસ્સાઓમાં નિગમ ધ્વારા તબદીલી અંગેનો નિર્ણય લેવાયેલ હોય અને અરજદારશ્રી ધ્વારા તબદીલી ફી કે વણ વપરાશી દંડની રકમ ભરપાઈ કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ ખોલવાના રહેશે નહી.

આવી દરખાસ્ત મંજુર કરવાની **સત્તા નિગમના તા.૬/૭/૨૦૧૭ ના પરિપત્રથી ક્ષેત્રિય કચેરીના વિભાગીય પ્રબંધકશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે.**

........................................................................................

<u>વિષય: કંપનીઝ એક્ટ ૧૮૫૬ની કલમ ૩૯૪ હેઠળ બે કંપનીઓના સંયોજનને કારણે થતી તબદીલીના કિસ્સામાં ભાડાપટ્ટેથી મળેલા હકો તબદીલ કરવા ડીડ ઓફ અસાઇન્મેન્ટ નહી કરવા બાબત.</u> ( પરિપત્ર ક્ર: **જીઆઈડીસી/ ઓ એન્ડએમ/ સીઆઈઆર / વિતરણ/પોલ/૩૨૬/૯૩ તા.૨૯/૫/૯૩)**

જ્યારે બે કંપનીઓના સંયોજનને કારણે થતી તબદીલીના કિસ્સામાં હાઇકોર્ટના હુકમ અનુસાર તબદીલ થતી કંપનીની તમામ જવાબદારી , ફરજો અને બંધનો વધારાના કાર્ય અથવા દસ્તાવેજ વગર તબદીલીથી પ્રાપ્ત કરનાર કંપનીને તબદીલ થતા હોય તો ડીડ ઓફ અસાઇન્મેન્ટ કે તેની નોંધણી કરાવવી જરૂરી નથી. પરંતુ જો સબંધિત કંપનીઓ અંદરોઅંદરની સમજૂતીથી ડીડ ઓફ અસાઇન્મેન્ટની નોંધણી કરાવેતો નિગમને સામે કોઇ હરકતકે વાંધો હોઇ શકે નહી.

........................................................................................

<u>વિષય: પ્લોટના પેટાવિભાજન બાદ વપરાશી/ બીન વપરાશી પેટા વિભાજીત પ્લોટના તબદીલીના કિસ્સામાં બીન વપરાશી પેનલ્ટી/ તબદીલી ફી લેવા બાબત.</u> ( પરિપત્ર ક્ર: **જીઆઈડીસી /ઓએન્ડએમ/ સીઆઈઆર/વિતરણ/ પોલીસી / ૩૫,તા.૩૦/૦૭/૧૫** )

પેટાવિભાજનના કિસ્સામાં પેટાવિભાજનના ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખુલ્લા/ વણ વપરાશી પ્લોટને નિગમ દ્વારા ફાળવવામાં આવેલ નવા પ્લોટતરીકે ગણી નિગમ દ્વારા ફાળવવામાં આવતા નવા પ્લોટને લાગુ પડતા તમામ નિયમો જેવાકે,વપરાશની સમયમર્યાદા બાંધકામના નકશા મંજૂર કરવાની સમયમર્યાદા, ખુલ્લા/વણ વપરાશી પ્લોટને તબદીલીની પ્રવર્તમાન નીતિ વિગેરે લાગુ પાડવામાં આવશે.

........................................................................................

વિષય: ઔદ્યોગિક પ્લોટ/ શેડ ની ફાળવણી પછીની બાબતોને લગતી નીતિ તેમજ પ્લોટ / શેડ ની તબદીલીની નીતિ બાબત. ( પરિપત્ર ક:ઓ એન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧/૬/૩૧/૫૯૧/૯૫ તા.૧૭/૦૬/૯૫ )

પ્લોટ/ શેડના ઉપયોગની સમય મર્યાદા વધારવા માટે ઉપરોક્ત નની નીતિ અનુસાર લેવા પાત્ર થતી વણવપરાશ માટે ની પેનલ્ટીની વસુલાતની ગણતરી માટેપ્રત્યેક વર્ષ કે તેના ભાગ માટે લાગુપડતા ધોરણો ધ્યાનમાં લઇ આકારવાની રહેશે. એટલેકે કોઇ આખા વર્ષ પછીના વર્ષ તેના અમુક મહિના માટેજ વણવપરાશી પેનલ્ટી આકારવાની થાય તો તેવી મુદત માટે પણ જે તે આખા વર્ષ માટે લાગુ પડતા ધોરણને લક્ષમાં લઇ બીનવપરાશી પેનલ્ટી આકારવાની રહેશે.

.......................................................................................................